# ગાયો-ભેંસોમાં ગર્ભાવસ્થા દરમિયાન જોવા મળતી ગર્ભાશયની આંટી

**ડૉ. એસ. એસ. પરીખ, ડૉ. પી. એમ. ચૌહાણ અને ડૉ. વાય. એમ. સંઘાણી**
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ
doi.org/10.5281/VeterinaryToday.22164346

ગર્ભાવસ્થા દરમિયાન માદા જાનવર વિવિધ પ્રકારની વ્યાધિઓથી પીડાવાની શક્યતાઓ રહે છે. ગર્ભાવસ્થા દરમિયાન જોવા મળતી જુદી જુદી પરિસ્થિતિઓ જેવી કે, મમીભૂત ગર્ભ, મસૃણિત ગર્ભ, હાઇડ્રોએલાન્ટોઈસ, હાઇડ્રોએમ્નીઓન, માટી કાઢવી, તરવાઈ જવું તેમજ ગર્ભાશયની આંટી પડવી વગેરે પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. આ સર્વેમાં ખાસ કરીને જૂનાગઢ તેમજ આસપાસના જિલ્લાઓમાં પ્રસૂતિ વખતે તેમજ ગર્ભાવસ્થાના પાછલા સમય દરમિયાન ગર્ભાશયની આંટી પડવાના કિસ્સાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

"ગર્ભાશયની આંટી એટલે ગર્ભાશયનું તેની સીધી ધરી પર તેની મૂળ જગ્યાએથી ફરી જવું". જે ખાસ કરીને ગાય-ભેંસ વર્ગના પ્રાણીઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ઉપરાંત, અન્ય પ્રાણીઓ જેવા કે, બકરી, ઘેટી તથા અન્ય મલ્ટિટોકસ વર્ગના પ્રાણીઓમાં પણ આ પરિસ્થિતિ જોવા મળે છે. ઘોડીમાં તે ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે. કારણ કે, ગર્ભાશયના શિંગડાને જોડતી વિસ્તૃત બંધની કટીગુહાની ઉપરની બાજુએ જોડાયેલી હોય છે. જેથી, ગર્ભાશયના શિંગડા તેની મૂળ જગ્યાએથી ફરી શકતા નથી. ગર્ભાશયની આંટી સામાન્ય પરિસ્થિતિમાં (૪૫°, ૯૦°) જાતે જ ખુલી જતી હોય છે. પરંતુ, વિકટ પરિસ્થિતિમાં ગર્ભાશયને લોહી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતું નથી. જેના કારણે, જલશોફ, આઘાત લાગવો, બચ્ચાનું મોત થવું તથા ગર્ભાશયમાં કોહવાટ થવાની શક્યતાઓ વધી જાય છે. કેટલીક વખતે બચ્ચાને લોહી પૂરું પાડતી મધ્ય ગર્ભાશય ધમની પણ ફાટી જતી હોય છે.

ગાય-ભેંસમાં ગર્ભાશયની આંટી કાંતો ડાબી અથવા જમણી બાજુએ થતી જોવા મળે છે. પરંતુ, મોટાભાગના કિસ્સાઓમાં જમણી બાજુની ગર્ભાશયની આંટી ડાબી બાજુની આંટી કરતાં વધુ જોવા મળે છે. પેટનો મોટો ભાગ ડાબી બાજુએ હોવાથી ડાબી બાજુની ગર્ભાશયની આંટીની શક્યતા ઓછી થઈ જાય છે. ગર્ભાશયની આંટી

ખાસ કરીને પ્રસૂતિ વેદનાના પ્રથમ ચરણના અંતિમ સમયે અથવા બીજા ચરણની શરૂઆતમાં થતી બીમારી છે. જે ખાસ કરીને ગર્ભાશયની અસ્થિરતાને જવાબદાર છે. મોટેભાગે ગર્ભાશયની આંટી વિયાણ સમય કરતા ગર્ભાવસ્થાના સમયગાળા દરમિયાન વધુ જોવા મળે છે. કેટલીક વખતે બચ્ચાનું વધુ પડતું વજન પણ ગર્ભાશયની આંટી માટે જવાબદાર બની રહે છે.

**વિશિષ્ટ લક્ષણો** :-

ગર્ભાશયની આંટી ૭૫ ટકા જેટલા કિસ્સાઓમાં ઘડિયાળના કાંટાની દિશામાં વધુ જોવા મળે છે. ગર્ભાશય તેની સીધી ધરીની આસપાસ ફરતું હોવાથી આમ થાય છે. મોટાભાગના કિસ્સાઓમાં, ગર્ભાશયની આંટી યોનિના આગળના ભાગ સાથે સંકળાયેલી હોય છે. જ્યારે, અમુક જ કિસ્સાઓમાં ગર્ભાશયનો પાછળનો ભાગ અસર પામે છે. આ આંટી ૯૦°, ૧૮૦°, ૨૭૦° અથવા ૩૬૦° કે તેનાથી વધુ જોવા મળે છે. આ પ્રકારની આંટી બચ્ચાના મૃત્યુ સાથે સંબંધિત નથી. પરંતુ, તે ગર્ભાશયમાં રહેલા ગર્ભપ્રવાહીનું ઓછું થવા તથા ઓરનું અલગ ન પડવા પર આધાર રાખે છે. ઘણી વખત ગર્ભાશયની આંટી ખુલી ગયા બાદ પણ જો તેનું કમળ પૂરેપુરું ખુલ્લું ન થયું હોય તો તે કઠિન પ્રસવમાં પરિણમે છે.

**જવાબદાર કારણો**

ગાય-ભેંસ વર્ગના પ્રાણીઓમાં ગર્ભનો વિકાસ ગર્ભાશયના એક શિંગડામાં થતો હોય છે. ગર્ભાશયના શિંગડાને જોડતી વિસ્તૃત બંધની ધરીની ત્રાંસી દિશામાં જોડાયેલ હોય છે. જેથી, ગર્ભાશયના અસમતોલપણાના કારણે આંટી પડવાની શક્યતાઓ વધી જાય છે. આ ઉપરાંત, પશુની ઊઠવા-બેસવાની સ્થિતિ પણ જવાબદાર હોય છે. પશુ બેસતી વખતે પાછળના બે પગ વાળીને બેસે છે તથા ઊભા થતી વખતે આગળના બે પગે ઊભી થાય છે. આ સમય દરમિયાન ગર્ભાશયમાં રહેલા બચ્ચાનું હલનચલન વધી જાય છે. જે આંટીમાં પરિણમે છે.

**આ ઉપરાંત ગર્ભાશયની આંટી માટે જવાબદાર અન્ય કારણો નીચે મુજબ છે.**

- ગાભણ પશુનું અકસ્માતે પડી જવું,
- ગર્ભાશયમાં રહેલા જીવંત બચ્ચાનું એકાએક ફરવું,
- જાતિ: મોટેભાગે પાલતુ ગાય-ભેંસમાં વધુ જોવા મળે છે,
- કેટલાંક રોગો જેવા કે, ખરવા મોવાસા વગેરેમાં પશુના લંગડાવાના કારણે,
- કસરતના અભાવે,
- કેટલીક ટેવો જેવી કે, કીચડ કે પાણીમાં આળોટવું,
- અપૂરતા પોષણના કારણે,
- અસ્થિબંધનનું નબળું પડવું અથવા ગર્ભાશયની કાર્યશીલતા બંધ થવી,
- ગર્ભાવસ્થાના સમયગાળા દરમિયાન

ગર્ભપ્રવાહીનો અભાવ,

• નબળી ગર્ભાશયની દિવાલો વગેરે.

### રોગના ચિહ્નો

સામાન્ય આંટીમાં (૪૫°, ૯૦°) રોગના ચિહ્નો જોવા મળતા નથી. માદા પ્રાણી તેના ગર્ભાવસ્થાના સમયગાળા સુધીતો સામાન્ય જ હોય છે. પરંતુ, જેમ જેમ તે વિયાણના પ્રથમ ચરણમાં પ્રવેશે છે તેમ તેમ અસ્વસ્થ બને છે. ગર્ભાશયના સ્નાયુઓના સંકોચન તથા કમળના ખુલવાની ક્રિયા સાથોસાથ પેટમાં દુઃખાવો ચાલુ થઈ જાય છે. શ્વાસોશ્વાસ વધે છે તેમજ નાડી અને હૃદયના ધબકારા વધી જાય છે. પશુ પગથી પેટને લાતો મારે છે. પશુ ધીમે ધીમે ખાવા-પીવાનું, પેશાબ કરવાનું તથા વાગોળવાની ક્રિયા બંધ કરી દે છે અને વધુ ઊઠબેસ કરે છે. વધુ ગંભીર પરિસ્થિતિમાં પશુ બેચેન બને છે. શરીરનું તાપમાન સામાન્ય અથવા ઘટી જાય છે અને પ્રસવક્રિયા બંધ થઈ જાય છે. જો ગર્ભાશયની આંટી લાંબા સમય સુધી ખોલવામાં ન આવે તો બચ્ચાની ફરતે રહેલું ઓર (જરાયુ) તેનાથી અલગ થઈ જાય છે. જેથી અંદર રહેલું બચ્ચું મૃત્યુ પામે છે. કેટલાંક કિસ્સાઓમાં ગર્ભાશયની આંટીના કારણે ગર્ભાશય, યોનિ તથા લોહી લઈ જતી ધમનીઓ પણ ફાટી જાય છે. વળી, જલશોફ તથા મસૃણિત ગર્ભ જેવી પરિસ્થિતિઓનું પણ નિર્માણ થાય છે. જેના કારણે આઘાત લાગવો, કોમામાં જતું રહેવું તથા પશુનું મૃત્યુ થઈ શકે છે.

### નિદાન:

રોગના ચિહ્નો અને તેની હકીકત (હિસ્ટ્રી) પરથી રોગ વિશે જાણી શકાય છે.

- ✓ ગર્ભાશયની આંટીની સામાન્ય પરિસ્થિતિ (૪૫°, ૯૦°) ની તપાસ યોનિમાર્ગ દ્વારા કરીને બંને હાથ વડે બરાબર કરી શકાય છે અથવા કેટલીક વખત તે જાતે જ ખુલી જતી હોય છે.
- ✓ યોનિમાર્ગ દ્વારા તપાસ કરીને આંટી જમણી બાજુએ છે કે ડાબી બાજુએ છે તે જાણી શકાય છે. યોનિમાર્ગ દ્વારા તપાસ કરતી વખતે તરત જ ગર્ભાશયના કમળને સ્પર્શ કરી શકાતું નથી. પરંતુ, જ્યારે લુબ્રિકેટેડ આંગળીઓને થોડી આગળ દબાવવામાં આવે છે ત્યારે કમળ કેટલું ખુલ્યું છે તેની માહિતી મળે છે.
- ✓ મળદ્વાર દ્વારા ગર્ભાશયની તપાસ કરીને તેની આંટી વિશે જાણી શકાય છે. જમણી બાજુની ગર્ભાશયની આંટીમાં જમણી બાજુની વિસ્તૃત બંધની એ યોનિ તથા ગર્ભાશયના શરીરની નીચે ખેંચાયેલી રહે છે. જ્યારે ડાબી બાજુની વિસ્તૃત બંધની કમળની ઉપરની બાજુએ ખેંચાયેલી રહે છે. સાથોસાથ મધ્ય ગર્ભાશય ધમની પણ ખૂબ જ ખેંચાયેલી રહે છે. ડાબી બાજુની ગર્ભાશયની આંટીમાં તેનાથી ઊલટું થાય છે.
- ✓ ૯૦° અને ૧૮૦° ગર્ભાશયની આંટીમાં પાણીનો પરપોટો (વોટરબેગ) બહાર

આવે છે. જ્યારે, ૩૬૦° ગર્ભાશયની આંટીમાં કમળને સ્પર્શ કરી શકાતું નથી.

**સારવાર**

આ પ્રકારની પરિસ્થિતિમાં તુરંત પશુચિકિત્સકની સલાહ લેવી ખૂબ જ જરૂરી છે. જો પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તો મધ્ય ગર્ભાશય ધમની બચ્ચાને લોહી પૂરું પાડી શકતી નથી. જેથી બચ્ચું મૃત્યુ પામે છે. કેટલીક વિકટ પરિસ્થિતિઓ જેવી કે, જલશોફ, ગર્ભાશયમાં બચ્ચાનું સડવું, ગર્ભાશય ફાટી જવું વગેરે સર્જાય છે. અંતે માતાને તેનું ઝેર ચડી શકે છે અને તે પણ મૃત્યુ પામે છે. માટે જ, જલ્દીથી પશુની સારવાર કરાવવી ખૂબ જ આવશ્યક છે.

સારવાર માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. જેવી કે,

(૧) સમાર વગર માદા જાનવરને ગબડાવવાની **પદ્ધતિ**

પશુ સારવારની આ પદ્ધતિમાં બીમાર પશુનું ગર્ભાશય તેની મૂળ સ્થિતિમાં જ રહેવું જોઈએ. જ્યારે, તેના શરીરને ઝડપથી આંટીની દિશામાં ફેરવવામાં આવે છે. આ માટે આંટી જે બાજુએ હોય તે બાજુએ પશુને પાડવામાં આવે છે. ત્યારબાદ તેના આગળના બે પગ બાંધવામાં આવે છે. એ જ રીતે પાછળના પગ પણ બાંધવામાં આવે છે. સારવારમાં રહેલ વ્યક્તિઓને એ રીતે ગોઠવવામાં આવે છે કે જેથી, પશુનું માથુ અને તેના ચાર પગ એક સાથે આંટીની દિશામાં ફરે. ત્યારબાદ પશુને તેની મૂળ સ્થિતિમાં બેસાડીને યોનિમાર્ગ દ્વારા તપાસ કરવામાં આવે છે અને જ્યાં સુધી ગર્ભાશયની આંટી ખુલે નહીં ત્યાં સુધી આજ રીતે પશુને આંટીની દિશામાં ગબડાવવામાં આવે છે.

**(૨) સમારનો ઉપયોગ કરીને માદા જાનવરને ગબડાવવાની પદ્ધતિ (સ્ચેફર પદ્ધતિ)**

આ પ્રકારની પદ્ધતિ ખૂબ જ જાણીતી અને સફળ છે. સારવારની આ પદ્ધતિમાં સમારનો ઉપયોગ કરવામાં આવે છે. તેને જાનવરના થાપા અને પાંસળીઓ વચ્ચેના ભાગ પર મૂકવામાં આવે છે. સમારના જમીન સાથે અડકેલા ભાગ ઉપર ૨ થી ૩ વ્યક્તિઓને ઊભા રાખવામાં આવે છે. જ્યારે, પાછળના ભાગ પર હાથ વડે દબાણ આપવામાં આવે છે. ત્યારબાદ, પશુને ગર્ભાશયની આંટીની દિશામાં ધીમેથી ગબડાવવામાં આવે છે. તે સમયે પશુચિકિત્સકનું યોનિમાર્ગ દ્વારા તપાસ કરતું રહેવું ખૂબ જ જરૂરી છે. મોટેભાગે પહેલા રોલિંગમાં જ સફળતા મળી જતી હોય છે.

**(૩) યોનિમાર્ગ દ્વારા બચ્ચાને ફેરવવું**

આ પ્રકારની પદ્ધતિમાં આંટીની વિરુદ્ધ દિશામાં યોનિમાર્ગ દ્વારા લુબ્રિકેટેડ હાથ વડે બચ્ચાને ફેરવવામાં આવે છે. પરંતુ, તે માટે કમળ સંપૂર્ણપણે ખુલ્લુ તથા બચ્ચું જીવંત હોવું જોઈએ. તે સમયે બચ્ચાના આસપાસની અંતઃત્વચા અલગ ન થાય તે પણ જરૂરી છે.

**(૪) શસ્ત્રક્રિયા દ્વારા પ્રસૂતિ કરાવવી**

જો વિયાણ વખતે માદા પશુમાં કમળ સંપૂર્ણપણે ખુલ્લું ન હોય તથા જો ગર્ભાશય પણ

ફાટી ગયું હોય તેવી ગંભીર પરિસ્થિતિમાં શસ્ત્રક્રિયા દ્વારા પશુને બચાવવું જરૂરી થઈ પડે છે. આ માટે પશુની ડાબી કુખ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવે છે. જેમાં માદા પશુને તે ભાગ પર બહેરાશ લાવી આશરે ૧૫–૨૦ સેન્ટીમીટર લાંબો ચીરો મૂકવામાં આવે છે. આમ, બચ્ચાને ગર્ભાશય દ્વારા બહાર લાવીને પશુને બચાવી શકાય છે તથા ગર્ભાશયની આંટી ખોલવામાં આવે છે.